મૃતક મહિલા વાપીની રહેવાસી હોવાનુ જાણવા મળ્યુ છે

પાવાગઢ મહાકાળી માતાના દર્શન કરતી મહિલાનુ હાર્ટ એટેકથી મોત

મહિલાને પ્રશાસન તેમજ ડોકટર દ્વારા 108 મારફતે હાલોલની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાઇ હતી

(પ્રતિનિધિ) હાલોલ, તા.12 હાલોલ તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ખાતે આજરોજ વાપી થી આવેલ મહિલાનું હાર્ટ એટેક થી તેમનું મૃત્યુ થયું પ્રાપ્ત માહિતી અનુસાર શકુંતલા દેવી ચાંદમલ બે દિવસ અગાઉ પોતાના ઘરે વાપી થી નીકળ્યા હતા પ્રથમ તેઓ કષ્ટભંજન દેવ સાળંગપુરના દર્શન કરી આજરોજ પાવાગઢ ખાતે શ્રી મહાકાલી માતાના દર્શન કરવા આવેલ વાપી નિવાસી શકુંતલા દેવી ચાંદમલ મંદિર પરિસરમાં દર્શન કરતા હતા ત્યારે તેઓ અચાનક ગડી પડ્યા હતા અને સ્થાનિક પ્રશાસન અને હાજર ડોક્ટરે પ્રાથમિક સારવાર આપી ટ્રેચરમાં સુવડાવી તેમને તાત્કાલિક રોપે મારફતે નીચે ઉતાર્યા હતા નીચે ઉતાર્યા બાદ 108 દ્વારા તેમને હાલોલની સરકારી હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા . પરંતુ હોસ્પિટલમાં ફરજ પરના ડોક્ટરે શકુંતલા દેવી ચાંદમલને મૃત જાહેર કર્યા હતા તેથી તેમની સાથે આવેલ સગા સંબંધીઓ અને દર્શનાર્થીઓમાં ઊંડા શોકની લાગણીમાં સર્વે ડૂબી ગયા હતા આમ મોતની ખબરથી શોકની લાગણી છવાઈ ગઈ હતી.

વનવિભાગે 4.25 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

શહેરાના ધમાઈ રોડ પરથી વગર પાસ પરમિટે લાકડા ભરેલી ટ્રક ઝડપાઈ

(પ્રતિનિધિ) ગોધરા, તા.12 મધ્ય ગુજરાતમાં વન વિભાગની સતર્કતાને પરિણામે ગેરકાયદેસર લાકડાની હેરાફેરી પર મોટો સપાટો બોલાવવામાં આવ્યો છે. જેમાં શહેરાના પરીક્ષેત્ર વન અધિકારી વી. જી. ગઢવીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ ધમાઈ થી સાંપા રોડ પર મગલીયાણા રાઉન્ડ સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

આ કામગીરી દરમિયાન શંકાસ્પદ હાલતમાં પસાર થઈ રહેલી ટ્રક નંબર જી જે ૦૧ યુયુ ૬૦૯૧ ને અટકાવી તપાસ કરતા તેમાંથી વગર પાસ પરમિટના લીલા તાજા પંચરાઉ ઈમારતી લાકડાનો જથ્થો મળી આવ્યો હતો. વન વિભાગની ટીમે તાત્કાલિક ધોરણે ટ્રક અને ઈમારતી લાકડા સહિત અંદાજે કુલ 4.25 લાખ રૂપિયાનો મુદ્દામાલ સરકાર હસ્તક જપ્ત કર્યો છે. પકડાયેલા વાહન અને જથ્થાને વધુ કાયદેસરની તપાસ અર્થે શહેરા રેન્જ કચેરીના કમ્પાઉન્ડ ખાતે ખસેડવામાં આવ્યો છે. આ સફળ કામગીરીમાં મગલીયાણાના ઈન્ચાર્જ રાઉન્ડ ફોરેસ્ટર એસ. બી. માલીવાડ, ડુમેલાવના ઈન્ચાર્જ બીટ ગાર્ડ એ. એસ. પરમાર, દલવાડાના વન રક્ષક ડી. બી. રાઠવા તથા રોજમદાર એન. પી. સોલંકી સહિતના સ્ટાફે ખડેપગે રહીને લાકડાની ગેરકાયદેસર હેરાફેરીને અટકાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

તાલુકા પંચાયત ની 18 બેઠકો માટે 82 ફોર્મ ભરાયા

સિંગવડ તાલુકામાં જિલ્લા પંચાયતની 3 બેઠકો માટે 16 ફોર્મ ભરાયા

આજે ફોર્મ ચકાસણીના છેલ્લા દિવસે તેનામાંથી કેટલા ફોર્મો ખેંચાઈ અને કેટલાક ફોર્મ રિજેક્ટ થશે તેના પછીસ્પષ્ટ સમીકરણ બહાર આવશે

(પ્રતિનિધિ) સિંગવડ,તા.12 સિંગવડ તાલુકાની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જિલ્લા પંચાયતની 3 બેઠકો માટે 16 ફોર્મ ભરાયા જ્યારે તાલુકા પંચાયત ની 18 બેઠકો માટે 82 ફોર્મ ભરાયા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી નો ધમધમાટ શરૂ છતાંણી સાથે અલગ અલગ પાર્ટીઓ દ્વારા પોતપોતાના ઉમેદવારોના નામોની જાહેરાત કરવામાં આવી હતી ત્યાર પછી 11 4 2026 ના રોજ ફોર્મ ભરવાના છેલ્લા દિવસ સુધીમાં સિંગવડ તાલુકા ની 3 જિલ્લા પંચાયત ની બેઠક માટે 16 ઉમેદવારી ફોર્મ ભરાયા હતા જ્યારે તાલુકા પંચાયતની 18 બેઠકો માટે 82 ફોર્મ ભરાયા હતા જેમાં જિલ્લા પંચાયત ની 3 બેઠકો માટે ભાજપ દ્વારા 6 ફોર્મ જ્યારે કોંગ્રેસમાં 2 ફોર્મ આપમાંથી 5 ફોર્મ આદિવાસી ટ્રાઈબલ પાર્ટી માંથી 3 ફોર્મ એ રીતના કુલ 16 ફોર્મ ભરાયા હતા જ્યારે તાલુકા પંચાયતની 18 બેઠકો માટે ભારતીય જનતા પાર્ટી માંથી 37 કોંગ્રેસમાંથી 6 ફોર્મ આપમાંથી 33 ફોર્મ આદિવાસી ટ્રાયબલ પાર્ટીમાંથી 4 ફોમ અને અપક્ષના 2 ફોર્મ ભરાયા હતા જ્યારે 13 4 2026 ના રોજ ફોર્મ ચકાસણીના છેલ્લા દિવસે તેનામાંથી કેટલા ફોર્મો ખેંચાઈ અને કેટલાક ફોર્મ રિજેક્ટ થશે તેના પછીસ્પષ્ટ સમીકરણ બહાર આવશે જ્યારે આ વખતે આપના ઉમેદવારો તમામ તાલુકા પંચાયત તથા જિલ્લા પંચાયતની બેઠકો પર પોતાનો દાવ અજમાવશે અને ભારતીય જનતા પાર્ટીને સીધી ટક્કર આપશે જ્યારે છેલ્લા દિવસે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો પોતાના શક્તિ પ્રદર્શન સાથે ફોર્મ ભરવા સિંગવડ મામલતદાર ઓફિસ તથા તાલુકા પંચાયત ઓફિસ ખાતે આવીને ફોર્મ ભર્યા હતા.

મતદારોમાં ભારે ઉત્સાહ, 29.59% મતદાન ટકાવારી નોંધાઈ

પાદરા નગર નાગરિક સહકારી બેંક લિ. ચૂંટણી શાંતિપૂર્ણ પૂર્ણ

(પ્રતિનિધિ) પાદરા,તા.12 પાદરા નગર નાગરિક સહકારી બેંક લિમિટેડની અત્યંત મહત્વપૂર્ણ ચૂંટણી આજે શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થઈ હતી. લાંબા સમય બાદ યોજાયેલી આ ચૂંટણીમાં મતદારોમાં ખાસ્સો ઉત્સાહ જોવા મળ્યો હતો અને મોટા પ્રમાણમાં મતદાન નોંધાયું હતું. બેંકના સંચાલન માટે કુલ 15 ડિરેક્ટરોની પસંદગી માટે ચૂંટણી યોજાઈ હતી, જેમાં 2 મહિલા બેઠકો અને 12 સામાન્ય બેઠકોનો સમાવેશ થાય છે, જ્યારે એક એસસી/એસટી બેઠક બિનહરીફ જાહેર થતા 14 બેઠકો માટે ચૂંટણી યોજાઈ હતી. કુલ 12,089 નોંધાયેલા મતદારોમાંથી અંદાજે 400 જેટલા ડિફોલ્ટર મતદારોને લોન બાકી હોવાના કારણે મતદાનથી વંચિત રાખવામાં આવ્યા હતા. જ્યારે 357 સભા સદ મતદારો એ મતદાન કર્યુ હતું. પરિણામે બાકી રહેલા મતદારોમાંથી સારો પ્રતિસાદ મળતા નોંધપાત્ર ટકા મતદાન નોંધાયું હતું. મતદાન પ્રક્રિયા સવારે 8 વાગ્યે શરૂ થઈ હતી અને પાદરાની ઝેન સ્કૂલ ખાતે પાંચ અલગ-અલગ બૂથ પર મતદાન યોજાયું હતું. વહેલી સવારથી જ મતદારો, ઉમેદવારોના ટેકેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં મતદાન મથકે ઉમટી પડ્યા હતા, જેના કારણે સમગ્ર વિસ્તાર ચૂંટણીમય બની ગયો હતો. ચૂંટણી પ્રક્રિયા ચૂંટણી અધિકારી જીગરભાઈ પંડ્યા, સુર્યકાંતભાઈ પટેલ તથા મદદનીશ ચૂંટણી અધિકારી મનહરભાઈ પટેલ તેમજ સ્ટાફના માર્ગદર્શન હેઠળ સુચારુ રીતે પાર પડી હતી. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પાદરા પોલીસ દ્વારા પીઆઇ વિજય ચારણના માર્ગદર્શન હેઠળ ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. આ ચૂંટણીમાં મુખ્ય મુકાબલો ભારતીય જનતા પાર્ટી પ્રેરિત પાદરા ના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા સમર્થિત "બેંક હિત રક્ષક પેનલ" અને "પરિવર્તન પેનલ" વચ્ચે રહ્યો હતો.

ગોધરામાં પંચમહાલ એલસીબીનો સપાટો

જુગાર રમતા છ શખ્સો ઝડપપી 52 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

(પ્રતિનિધિ) ગોધરા,તા.12 પંચમહાલ એલ.સી.બી. પોલીસે ગોધરા શહેરના ખાડી ફળીયા વિસ્તારમાં સિન્દુરી માતાના મંદિર પાસે ખુલ્લી જગ્યામાં ચાલતા જુગારધામ પર દરોડો પાડી કુલ છ જુગારીઓને ઝડપી પાડ્યા છે. પોલીસની આ કાર્યવાહીમાં રોકડ રકમ અને મોબાઈલ ફોન સહિત કુલ રૂપિયા 52,950નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

પંચમહાલ ગોધરા રેન્જ આઈજી વિધી ચૌધરી અને પોલીસ અધિક્ષક ડૉ. હરેશ દુધાતની સૂચના મુજબ એલ.સી.બી. પીઆઈ એ.બી. વોરાના માર્ગદર્શન હેઠળ એ.એસ. આઈ. નાદીરઅલી અને તેમની ટીમે આ ઓપરેશન પાર પાડ્યું હતું. પોલીસને મળેલી ખાનગી બાતમીના આધારે સંજય પ્રભુદાસ ક્રિચયનના ઘર પાસેની ખુલ્લી જગ્યામાં રેઇડ કરવામાં આવી હતી. જ્યાં આર્થિક લાભ માટે ગંજીપાના વડે હાર-જીતનો જુગાર રમાતો હતો. સ્થળ પરથી મહીસાગર, ખેડા અને શહેરા પંથકના શખ્સો જુગાર રમતા પકડાયા હતા.

પોલીસે અંગઝડતી અને દાવ પરથી કુલ 37,950ની રોકડ તથા 15,000ની કિંમતના ત્રણ મોબાઈલ ફોન કબજે કર્યા છે.

સુખસર પોલીસ દ્વારા તેરા તુજકો અર્પણ કાર્યક્રમ યોજાયો

સુખસર પોલીસે CEIR પોર્ટલના ઉપયોગથી 7 મોબાઈલ મૂળ માલિકોને પરત કર્યા

(પ્રતિનિધિ) સુખસર,તા.12 નાયબ પોલીસ મહા નિરીક્ષક વીધી ચૌધરી પંચમહાલ ગોધરા રેન્જ ગોધરાના ઓએ તથા દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક રવિરાજ સિંહ જાડેજા દાહોદ નાઓએ જિલ્લામાં ચોરીમાં ગયેલ,ગુમ થયેલ,ખોવાયેલ મોબાઈલ ટેકનિકલ સોર્સના માધ્યમથી શોધી કાઢવા સારું સૂચના આપેલ.તેમજ નાયબ પોલીસ અધિક્ષક ઝાલોદ વિભાગ ઝાલોદના બી.આર.પટેલ નાઓ એ માર્ગદર્શન આપેલ. જે અનુસંધાને સુખસર પોલીસ સ્ટેશનની ટેકનીકલ ટીમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચોરીમાં ગયેલ,ગુમ થયેલ,ખોવાયેલ મોબાઈલ ફોન સંબંધે સી.ઈ.આઈ. આર પોર્ટલ ના આધારે માહિતી એકત્રિત કરી ટેકનિકલ વર્ક આઉટની કામગીરીમાં કાર્યરત કરી હતી. દરમ્યાન સુખસર પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સ્પેકટર એમ.એમ. રાઠોડ નાઓની સૂચના મુજબ સુખસર પોલીસ સ્ટેશનની ટેકનીકલ ટીમે સી.ઈ.આઈ.આર પોર્ટલ આધારે માહિતી મેળવી ટેકનીકલ સોર્સના માધ્યમથી એનાલીસીસ કરી સુખસર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ચોરીમાં ગયેલ ખોવાયેલ ગુમ થયેલ પોર્ટલના ઉપયોગથી સુખસર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી મોબાઈલ નંગ સાત જેની કિંમત રૂપિયા 1,19485 ના શોધી કાઢી"તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ અંતર્ગત મોબાઈલ ફોનના મૂળ માલિકોને બોલાવી તેઓના મોબાઇલ ફોન પરત કર્યા હતા.

બોડેલી તાલુકાના ઊંચાપાન ગામે પી.આઇ પી.એસ. બરંડાની આગેવાનીમાં ફૂટ પેટ્રોલિંગ યોજાયું

બોડેલી : છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના ઊંચાપાન માં પીઆઈ પી.એસ બરંડા ના અધ્યક્ષ સ્થાને આગામી સ્થાનિક સ્વરાજ્ય ની તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓ ને ધ્યાને રાખીને કોઈ અનિચ્છનીય ઘટના ન ઘટે તેને ધ્યાને રાખીને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેને લઈને છોટાઉદેપુર જિલ્લા પોલીસ પણ એટલીજ સક્રિય બની શાંતિ અને સલામતી થી લોક શાહીના પર્વની ઉજવણી થાય અને કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે હેતુ સાથે જિલ્લા પોલીસ અધિક્ષક ઈમ્તિયાઝ શેખના માર્ગ દર્શન હેઠળ બોડેલી પોલીસ મથકના પી આઈ પી.એસ.બરંડા અને કે એમ.રાઠોડ સહિત ના પોલીસ કર્મી ઓ એ સંવેદન સીલ વિસ્તારમાં પોલીસના કાફલા સાથે સુરજ પેટ્રોલિયમ થી નગરમાં થઈ ગ્રામ પંચાયત ખાતે થી સુરજ પેટ્રોલિયમ સુધી ફૂટ પેટ્રોલિંગ કરાયું હતું ચૂંટણી સંબંધિત કોઈ પણ પ્રકારની ચાલતી ગેર પ્રવૃત્તિ ને અટકાવવા આહવાન કર્યું હતું.

હાલોલમાં જીવદયા પ્રેમીઓની કામગીરી

વીજકરંટથી મૃત્યુ પામેલા મોરના અંતિમ સંસ્કાર કર્યા

(પ્રતિનિધિ) હાલોલ, તા.12 હાલોલમા કંજરી રોડ પર આવેલ મધુવન સોસાયટી મા આવેલ લાઈટ ડી.પી મા રાષ્ટ્રીય પક્ષી મોર (માદા) ઉડતા ઉડતા ડી.પી ના ટ્રાન્સફોર્મર મા અડી જતા અચાનક ધડાકો થતા આજુબાજુના રહીશો બહાર નીકડી જોયુ તો રાષ્ટ્રીય પક્ષી ગણાતા મોર નીચે પડેલ હતો તો હાલોલ પંથક મા જીવદયા નુ કામ કરતી સંસ્થા સિદ્ધાંત જીવદયા ટીમ ને જાણ કરાતા સિદ્ધાંત જીવદયા ટીમ ના પિન્ટુભાઈ અને અન્ય ટીમ મેમ્બર સ્થળ પર જઈ જોયુ તો રાષ્ટ્રીય પક્ષી મોર ડી.પી નીચે પડેલ હતો અને જીવ હતો ત્યારબાદ પિન્ટુભાઈ દ્વારા નજીક મા રેહતા એનિમલ ડૉ.ને જાણ કરી ડૉ. દ્વારા સારવાર કરે તે પેહલા પ્રાણ પંખેરુ ઉડી ગયા હતા ત્યારબાદ હાલોલ ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ ના આર.એફ.ઓ ચંદ્રીકાબેનને જાણ કરી અને તેમના માર્ગદર્શન અને તેમની સુચના મુજબ મોર ને ધોબીકુવા ફોરેસ્ટ રેસ્ક્યુ સેન્ટર મા લઈ જઈ ફોરેસ્ટ ઓફિસર કંચનભાઈ અને બાબુભાઈ અને અન્ય ટીમ સાથે મડી રાષ્ટ્રીય પક્ષી મોરના શરીરને વિધિ અનુસાર વિધિ પૂર્વક અંતિમ સંસ્કાર કર્યો.

રોડ પર પાથરેલા મોટા મેટલ વાહનચાલકો માટે અકસ્માતનુ જોખમ

માલસર-શિનોર માર્ગ પહોળો કરવાની કામગીરીમાં કોન્ટ્રાક્ટરની બેદરકારી

(પ્રતિનિધિ) શિનોર,તા.12 વડોદરા જિલ્લાના શિનોર તાલુકામાં માલસરથી શિનોર માર્ગને પહોળો કરવાની કામગીરી હાલ પૂરજોશમાં ચાલી રહી છે, પરંતુ કોન્ટ્રાક્ટરની ઘોર બેદરકારીને કારણે આ વિકાસ કામ લોકો માટે મુશ્કેલીરૂપ બની ગયું છે. માર્ગ પર સુરક્ષાના કોઈ પૂરતા પગલાં લેવામાં ન આવતા વાહનચાલકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. રોજબરોજ આ માર્ગ પરથી પસાર થતા લોકો માટે હાલ મુસાફરી જોખમી બની ગઈ છે. શિનોરથી માલસર માર્ગ પર રોડ પહોળો કરવા ની કામગીરીમાટે મોટા મોટા મેટલ પાથરવામાં આવ્યા છે, પરંતુ તેના પર પાણીનો યોગ્ય છંટકાવ કરવામાં આવ્યો નથી તેમજ રોલર પણ ફેરવવામાં આવ્યો નથી. જેના કારણે રસ્તો અત્યંત ઊબડખાબડ બની ગયો છે અને ધૂળના ગોટાળા ઉડતા રહે છે. ખાસ કરીને દ્વિચક્રી વાહનચાલકો માટે આ પરિસ્થિતિ વધુ જોખમી સાબિત થઈ રહી છે. કેટલાકના ટાયર પણ ફાટી ગયાની ફરિયાદોઆવેછે આ બેદરકારીના કારણે વારંવાર નાના મોટા અકસ્માત સર્જાઈ રહ્યા છે, છતાં જવાબદાર તંત્ર દ્વારા કોઈ ગંભીરતા દાખવવામાં આવી રહી નથી. સ્થાનિક ગ્રામજનો અને વાહનચાલકોમાં ભારે અસંતોષ વ્યાપી ગયો છે.

બેફામ ચાલતા ડમ્પરો અકસ્માત સર્જે છે, લોકોએ તંત્ર સામે રોષ વ્યક્ત કર્યો

પાલેજ-નારેશ્વર માર્ગ પર ભીની રેતીના ડમ્પરોથી ત્રસ્ત ગ્રામજનોએ પાછિયાપુરા પાસે જનતા રેડ કરી

બિસમાર માર્ગનુ તાત્કાલિક ધોરણે સમારકામ નહિ કરાય તો ઉગ્ર આંદોલન છેડવામાં આવશે : ગામલોકો

(પ્રતિનિધિ) કરજણ, તા.12 પાલેજ-નારેશ્વર માર્ગની ખરાબ હાલત અને ભીની રેતી વહન કરતા ડમ્પરોના આતંકથી કંટાળેલા ગ્રામજનોએ આજે કરજણ તાલુકાના પાછિયાપુરા ગામ નજીક એકત્ર થઈ જનતા રેડ યોજી તંત્ર સામે ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો. મળતી માહિતી મુજબ, પાછિયાપુરા ગામના મુળ નિવાસી એકતા મંચના અધ્યક્ષ તથા એડવોકેટ મિનેષ પરમારના નેતૃત્વ હેઠળ ગામ તથા આસપાસના વિસ્તારોના સરપંચો અને મોટી સંખ્યામાં ગ્રામજનો એકત્ર થયા હતા. ગ્રામજનોએ રેતી ભરેલા ડમ્પરોને રસ્તા પર અટકાવી પ્રદર્શન કર્યું હતું. આ દરમિયાન ભારે સૂત્રોચ્ચાર સાથે સમગ્ર વિસ્તાર ગુંજી ઉઠ્યો હતો. જનતા રેડના કારણે પાલેજ-નારેશ્વર માર્ગ પર લાંબા સમય સુધી વાહનોની કતારો લાગી જવા પામી હતી, જેના કારણે વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. મીડિયા સમક્ષ મિનેષ પરમારે જણાવ્યું હતું કે, ભીની રેતીના સતત પરિવહનને કારણે માર્ગની હાલત અત્યંત બિસ્માર બની ગઈ છે. માર્ગ પર એક ફૂટ જેટલા ઊંડા ખાડા પડી જતા સ્થાનિકોને અવરજવર કરવામાં ભારે મુશ્કેલીઓ પડી રહી છે. અનેક વખત તંત્રને લેખિત તેમજ મૌખિક રજૂઆત કરવા છતાં પણ કોઈ અસરકારક પગલાં લેવામાં આવ્યા નથી. તેમણે તંત્ર પર ગંભીર આક્ષેપો કરતાં જણાવ્યું હતું કે, રાજકીય દબાણના કારણે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચાલી રહી છે અને જવાબદાર તંત્ર આ મુદ્દે મૌન વલણ અપનાવી રહ્યું છે. જેના કારણે સામાન્ય જનતા મુશ્કેલીમાં મુકાઈ રહી છે. ગ્રામજનોએ ચેતવણી આપી છે કે જો તંત્ર દ્વારા તાત્કાલિક માર્ગનું સમારકામ અને ગેરકાયદેસર રેતી પરિવહન પર રોક ન લગાવવામાં આવે તો આવનારા દિવસોમાં વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

સાવલી પોલીસે ભમ્મરઘોડા રોડ પરથી દારૂનો જથ્થો ઝડપ્યો

(પ્રતિનિધિ) સાવલી, તા.12 સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પગલે સાવલી પીઆઈ કે જે ચૌહાણની ટીમ પેટ્રોલિંગ માં હતી ત્યારે બાતમી મળેલ કે એક સફેદ કલરની ક્રેટા કાર જેની આગળ નંબર પ્લેટ નથી અને પાછળના ભાગે નંબર પ્લેટ લાગેલી છે જેનો નંબર જી જે 23 સી એચ 8423 લખેલ છે અને તે પૂર ઝડપે દારૂ ભરીને મેવલી થી ભમ્મર-ઘોડા બાજુ નર્મદા માઇનર કેનલ થઈ રસુલપુર તરફ જવાના રસ્તા પર જઈ રહી હતી તેના આધારે સાવલી પીએસઆઇ વી એ પરમાર તેમજ તેમની ટીમ એ ઉપરોક્ત નંબર વાળી ક્રેટા કારને રોકીને તપાસ કરતા તેમાં વિદેશી દારૂ અને કાર મળી રૂપિયા 7,71,602 નો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે.

પંચમહાલ કલેક્ટરના આદેશોનો સરેઆમ અનાદર અને વહીવટી નિષ્ક્રિયતા

પઢીયાર ગામના 70 વર્ષીય વૃદ્ધની તકેદારી આયોગમાં રજૂઆત

પૂર્વ તાલુકા વિકાસ અધિકારી, પઢીયાર સરપંચ અને કલેક્ટર કચેરીના ચીટનીશ સામે લેખિત ફરિયાદ

(પ્રતિનિધિ) ગોધરા, તા.12 પંચમહાલ જિલ્લાના વહીવટી તંત્રમાં ગુજરાત મુલ્કી સેવા નિયમોના ભંગ અને ઉચ્ચ અધિકારીઓના આદેશોની અવગણનાનો ગંભીર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ગોધરા તાલુકાના પઢીયાર ગામના ૭૦ વર્ષીય વરિષ્ઠ નાગરિક કાનાભાઈ રામાભાઈ પરમારે સ્થાનિક તંત્રની નિષ્ક્રિયતાથી કંટાળીને 130 પાનાના સજ્જડ દસ્તાવેજી પુરાવાઓ સાથે ગુજરાત તકેદારી આયોગમાં લેખિત ફરિયાદ કરવામાં આવી છે. જેની જાણ તેમણે ૧૨ એપ્રિલ ૨૦૨૬ના રોજ મીડિયાને કરી હતી. આ વિવાદનું મુખ્ય કારણ પઢીયાર ગામના જાહેર રસ્તા પર સરપંચ અને તેમના સગાઓ દ્વારા કરવામાં આવેલું ગેરકાયદેસર પાકું દબાણ છે. આ બાબતે તત્કાલીન જિલ્લા કલેક્ટરે ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ સ્વાગત કાર્યક્રમની સુનાવણીમાં ગોધરાના તત્કાલીન તાલુકા વિકાસ અધિકારીને ૧૫ દિવસમાં દબાણ દૂર કરવા અને સરપંચ સામે કાર્યવાહી કરવા સ્પષ્ટ આદેશ આપ્યો હતો. તેમ છતાં, એક વર્ષથી વધુ સમય વીતી જવા છતાં ટીડીઓ દ્વારા કોઈ હકારાત્મક કાર્યવાહી કરવામાં આવી નથી અને માપણી બાબતે ટેકનિકલ બહાના બતાવી પોતાની જવાબદારીમાંથી છટકવાનો પ્રયાસ કરવાના આક્ષેપો કરવામાં આવ્યા છે. વધુમાં, કલેક્ટર કચેરીના ચીટનીશ સામે પણ ગંભીર આક્ષેપ છે કે તેમણે મુખ્યમંત્રી કાર્યાલયના સ્વાગત ઓનલાઈન પોર્ટલ પર તથ્યોની ચકાસણી કર્યા વિના ટીડીઓના જૂનો અને પક્ષપાતી અહેવાલ અપલોડ કરી, ઉચ્ચ કચેરીને ગેરમાર્ગે દોરીને અરજી દફતરે કરી દીધી હતી. અરજદારે કચેરીઓમાં નિયમોનું પાલન ન થતું હોવાની આ કાર્યપદ્ધતિને ફરજ પ્રત્યેની ગંભીર બેદરકારી ગણાવી છે.